ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૮ ડીગ્રી
લઘુતમ : ૧૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૪૯ ટકા
ગાંધીનગર તાપમાન

# શહેરના ગ-દોઢ પાસે પાણી લીકેજની સમસ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના કેટલાક સેકટરોમાં પાણી ઓછા ફોર્સથી આવતુ હોવાની ફરિયાદો ઉઠી રહી છે. ત્યારે શહેરના ગ- દોઢ પાસે આવેલા સંપમાંથી પાણી લીકેજ થતુ હોવાથી સતત પાણી વહેતું નજરે પડે છે. ત્યારે પાણીનો વ્યય થતો હોવાથી તંત્ર દ્વારા પાણી લીકેજ બંધ કરવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠવા પામી છે.

શહેરમાં પાણી બચાવો માટે ખાનગી સંસ્થાઓ અભિયાન ચલાવી રહ્યા છે. પાણી અંગે નાગરીકોમાં જાગૃતિ આવે તે માટે વિવિધ કાર્યક્રમો યોજે છે. ત્યારે શહેરમાં પણ કેટલાક સેકટરોમાં પાણી ધીમું આવતું હોવાની ફરિયાદો સાંભળવા મળે છે. થોડા સમય અગાઉ પાણીનો બગાડ કરતા વસાહતીઓ સામે તંત્રએ લાલ આંખ કરી હતી. જેથી સેકટરોમાં પાણીનો બગાડ પણ મોટાભાગે અટકી ગયો હતો. જયારે શહેરમાં પાણી વિતરણની યોગ્ય વ્યવસ્થા તંત્ર દ્વારા ગોઠવવામાં આવી છે. ત્યારે શહેરના ગ-દોઢ પાસે આવેલા સંપમાંથી લીકેજને પગલે સતત પાણીનો પ્રવાહ વહેતો નજરે પડે છે. સવારના સમયે આસપાસના વિસ્તારમાં પાણી મોટીસંખ્યામાં ભરાઈ જાય છે. ત્યારે તંત્ર દ્વારા સત્વરે લીકેજ બંધ કરીને સતત વહેતું પાણી અટકાવવામાં આવે તેવી માંગ વસાહતીઓ કરી રહ્યા છે.

## બીએસએફ દ્વારા પોલીસ સંભારણા દિવસ મનાવાયો



ગાંધીનગરમાં આજે બીએસએફ દ્વારા 'પોલીસ સંભારણા દિવસ' ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે બીએસએફના મહાનિરિક્ષક જ્ઞાનેન્દ્રસિંહ મલિકે ગત વર્ષ દરમિયાન શહીદ થયેલ તમામ પોલીસ કર્મીઓના નામનો ઉચ્ચાર કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ સાથે બીએસએફ કેમ્પસમાં શહીદોના આત્માની શાંતિ અર્થે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું અને સલામી આપવામાં આવી હતી. આ પ્રસંગે શહીદોના પરિવારજનોને શાલ તથા સ્મૃતિ ચિહ્નની ભેટ આપવામાં આવી હતી.

## ડોમેસ્ટીક ડેટા એન્ટ્રી ઓપરેટરનો અભ્યાસક્રમ વિનામુલ્યે

ભારત સરકાર અને એ.આઈ.સી.ટી.ઈ. અંતર્ગત ગુજરાત વિદ્યાપીઠ ગ્રામ વ્યવસ્તાપન કેન્દ્ર રાંધેજા દ્વારા પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના અંતર્ગત વિનામુલ્યે ડોમેસ્ટીક ડેટા એન્ટ્રી ઓપરેટર અભ્યાસક્રમ ધો-૧૦ પાસ હોય તેમના માટે વહેલા તે પહેલાના ધોરણે ૨૫ બેઠકો માટે અરજી કરવાની છેલ્લા તારીખ તા.૩૦-૧૦-૧૮ છે. અભ્યાસક્રમ તા.૧૫-૧૧-૧૮ થી સવારના ૮ થી ૧૨ દરમિયાન ૪ માસ માટે ચાલશે. પ્રવેશ માટે રાંધેજા ખાતે ગુજરાત વિદ્યાપીઠનો સંપર્ક રુબરુમાં કે ફોન થી ૨૩૯૭૬૫૭૨ અને ૯૪૨૯૧૩૦૮૯૬ પર સંપર્ક કરવો તેમ ગુજરાત વિદ્યાપીઠ રાંધેજાના ડો.રાજીવ પટેલે જણાવ્યું છે.

## એચઆઈવી ગ્રસ્ત બાળકોને કપડા અને બુટ વિતરણ

ગાંધીનગર, તા.૨૧

પેન્શન અને પ્રોવીડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરીના સ્ટાફ મિત્રોના સહકારથી જુનીયર સિટીઝન કાઉન્સિલ, ગાંધીનગર દ્વારા આજરોજ સાંજના સુમારે એચઆઈવી ગ્રસ્ત ૩૭ બાળકોને દિવાળીના પવિત્ર તહેવાર નિમિતે બાળકોની પસંદગીના એક જોડી કપડા, બુટ, ચંપલ, મોજા, હાથ રુમાલ, સહિતની ચીજવસ્તુ આપવામાં આવી હતી. તે ઉપરાંત તેમને મનભાવતુ ભોજન (ઢોંસા અને મન્ચુરીયન) પીરસવામાં આવ્યું હતું. આ પ્રસંગે પેન્શન અને પ્રોવીડન્ટ ફંડ કચેરીના અધિકારી-કર્મચારીઓ મોટીસંખ્યામાં હાજર રહીને સાથે ભોજન કરીને સાંજે ૭ થી ૯ કલાક દરમિયાન બાળકો સાથે સંગીતના તાલે ગરબે ઘુમ્યા હતા. આ પ્રસંગે સૌ બાળકોના મોં પર હાસ્યની હેલી પ્રસરી ગઈ હતી.

# સીટી સ્કેન મશીન કાર્યરત થાય તેની રાહ જોતા દર્દીઓ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સિવિલમાં છેલ્લા ત્રણેક માસથી કરોડો રૂપીયાનું સીટી સ્કેન મશીન બંધ હાલતમાં પડી રહ્યું છે. આ મશીન કાર્યરત થાય તેની કાગડોળે દર્દીઓ રાહ જોઈને બેઠા છે. રેડીયોલોજી વિભાગમાં ફીંટીગ થઈને તૈયાર કરાયેલું સીટી સ્કેન મશીન શરુ ન થતા માત્ર સિવિલમાં શોભાના ગાંઠીયા સમાન બની જવા પામ્યું છે. જયારે મશીન શરુ થવા માટે માત્ર એક સર્ટીફિકેટની રાહ જોવાઈ રહી છે,પરંતુ તે કયારે શરુ થશે તે સિવિલ તંત્રના અધિકારીઓ પણ કહેવા તૈયાર નથી. ત્યારે કરોડો રૂપીયાના ખર્ચે તંત્ર દ્વારા લાવવામાં આવેલ લોકઉપયોગી મશીન હાલના સમયે તો બંધ કમરામાં કેદ થઈ પડ્યું છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. તાવથી માંડીને હિમોડાયાલીસીસ સુધીના દર્દીઓની સારવાર થાય છે. ઓપીડીથી માંડીને નવી બિલ્ડીંગના વિવિધ વોર્ડ દર્દીઓથી ભરચક નજરે પડે છે. ત્યારે દર્દીઓને એકસ-રે, સોનોગ્રાફી તો સિવિલમાં જ સામાન્ય રૂપીયામાં થાય છે પરંતુ દર્દીને સીટીસ્કેન માટે અન્ય ખાનગી સ્થળે હજ્જારો રૂપીયા ખર્ચ કરવા પડે છે. જયારે સીટી સ્કેનની સુવિધા નહીં હોવાથી દર્દીઓને અમદાવાદ પણ રીફર કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં આવી પહોંચેલું કરોડો રૂપીયાનું મશીન કયારે શરુ થશે તેની દર્દીઓ કાગડોળે રાહ જોઈને બેઠા છે. ત્રણેક માસ જેટલો સમય થઈ ગયો હોવા છતા મશીન કાર્યરત થઈ શકયું નથી તેની પાછળ કોઈ રાજકારણ રમાઈ રહ્યું છે કે શું તે પણ તપાસનો વિષય છે. ત્યારે સિવિલ તંત્ર પણ સીટી સ્કેન મશીન માટે ઉદાસીન વલણ દાખવી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. મશીનની જગ્યા ફીકસ કરી દેવાઈ છે, મશીન ફીટ પણ થઈ ગયું છે તો પછી કયો ગ્રહ મશીનને નડી રહ્યો છે તે કોઈ જાણતુ નથી. માત્ર એક સર્ટીફિકેટ બાકી હોવાનું સિવિલ તંત્રના અંતરંગ સુત્રો જણાવી રહ્યા છે. ત્યારે ટુંક સમયમાં લોક ઉપયોગી આ મશીન ઝડપી કાર્યરત થાય તેની દર્દીઓ કાગડોળે રાહ જોઈને બેઠા છે.

## માઉન્ટ કાર્મેલ શાળાએ બીટ પ્લાસ્ટીક પ્રોજેકટ હાથ ધર્યો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરની સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળાએ આ વર્ષે બીટ પ્લાસ્ટીક પ્રોજેકટ હાથ ધર્યો છે. જેને પગલે ગાંધીનગર કલ્ચરલ ફોરમ ખાતે નવરાત્રી મહોત્સવ દરમિયાન ખરાબ પ્લાસ્ટીકને નાખવા માટે કચરાપેટી મુકવામાં આવી હતી. શહેરને પ્લાસ્ટીક મુકત હરીયાળું બનાવવા માટે આ અભિયાનમાં નગરજનોનો સાથ અને સહકાર લેવામાં આવ્યો હતો. શહેરમાંથી વિદ્યાર્થીઓએ પ્લાસ્ટીક વેસ્ટને એકત્ર કરીને રીસાઈકલ કરવા મોકલી આપ્યો હતો. શાળાના આચાર્યા સિસ્ટર જેનીફરના માર્ગદર્શન હેઠળ શિક્ષકો અને વિદ્યાર્થીઓના સહયોગથી આ અભિયાન સફળતા પૂર્વક સંપન્ન થયું હતું.



નવરાત્રિનું પર્વ સુખરૂપ પૂરું થયું છે. નવ દિવસ માતાજીની આરાધના કર્યા બાદ માતાજીના ગરબા વળાવવાની પરંપરા વર્ષોથી ચાલતી આવી છે. પરંતુ તેમાં પણ ફેરફાર થવા જઈ રહ્યા છે, અને તે જરૂરી પણ છે. માતાજીના ગરબા મંદિરે કે ચોકમાં મૂક્યા પછી આખું વર્ષ કોઈ જોવા જતું પણ નથી. તે કરતા જો કોઈ ઉપયોગમાં આવે તો તેના જેવી સાચી ભક્તિ કોઈ નથી. અને એમાંય જ્યારે અબોલ પ્રાણી પક્ષીઓ માટે મદદરૂપ થવાની વાત આવે તો એના જેવી રૂડી કોઈ બાબત નથી. આવું જ એક ઉત્તમ ઉદાહરણ ગાંધીનગરની એક દીકરીએ પૂરું પાડયું છે. સેક્ટર-૬-બીમાં રહેતી અને એમ.બી. પટેલ ઈંગ્લિશ મીડિયમમાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતી કુ. રિયા નિમાવત દ્વારા માતાજીના ગરબાને પક્ષીઘર તરીકે પોતાના ઘર પાસેના એક ઝાડ પર મૂકવામાં આવ્યો છે. પક્ષીઓ પ્રત્યેની ઉદારતા માટે જણાવ્યું હતું કે અબોલ પક્ષીઓ કે પ્રાણીઓ માનવજાત પાસે કાંઈ માંગી શકતી નથી તેવા સમયે આપણી સૌની જવાબદારી બની રહે છે કે પ્રકૃતિનું જતન કરવું જોઈએ. અત્યારના હાઈફાઈ અને વાઈફાઈના યુગમાં પક્ષીઓ ધીમે ધીમે લુપ્ત થવા લાગ્યા છે તેવા સમયે પક્ષીઓ પર આવી ઉદાર ભાવના નવી પેઢીમાં જળવાઈ તે માટે પ્રત્યેક માનવીએ આગળ આવવાની જરૂર છે.

## ખોરજમાં ઝગડો બંધ કરવાનું કહેવા બાબતે બબાલ : મહિલા ઉપર છરી વડે હુમલો

ગાંધીનગર, તા.૨૧

અડાલજ નજીક ખોરજ ગામમાં ગઈ મોડી સાંજે એક જ કુટુંબમાં બે ભાગલા થઈ ગયા હતા અને ભાઈઓ વચ્ચે થયેલા ઝગડાને બંધ કરવા જતા મોટી બબાલ થઈ ગઈ હતી. સામસામે ગાળાગાળી અને મારામારી શરૂ થઈ ગયા બાદ કુટુંબની જ એક મહિલા ઉપર છરી વડે હુમલો થવા પામ્યો હતો. આ મામલે ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અડાલજ પોલીસે સામસામે ફરિયાદ લઈને ક્રોસ ગુના દાખલ કરી તટસ્થ તપાસ શરુ કરી છે.

ખોરજના કણજીવાસમાં રહેતા સુનિતાબેન ઈશ્વરભાઈ દંતાણીએ આપેલી ફરિયાદ મુજબ તેમના કુટુંબી સમાભાઈ ગુલાબભાઈ દંતાણી, ચકો રામાભાઈ દંતાણી, રામાભાઈ દંતાણીનો જમાઈ અને એક અન્ય મિત્ર મળીને ચાર શખ્સોએ સુનિતાબેન તથા તેમની સાસુ સાથે ગાળાગાળી કરીને મારઝુડ શરુ કરી દીધી હતી. ત્યારબાદ સુનિતાબેનને છરીનો ઘા ઝીંકીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તો બીજી તરફ આ ઘટના અનુસંધાને રામાભાઈ દંતાણીએ ક્રોસ ફરિયાદ નોંધાવી છે. ઘાયલ સુનિતાબેન તથા ભરતભાઈ અને ગડ્ડુ નામની વ્યકિતઓએ મળીને મારામારી કરી હોવાની ક્રોસ ફરિયાદ નોંધાવી છે. અડાલજ પોલીસ મથકના જમાદાર નિલેષભાઈએ બંને ફરિયાદ લઈ ગુના દાખલ કરીને તટસ્થ તપાસ હાથ ધરી છે.

## ચેતના સેવા સંસ્થાન તથા ઝંકાર ગૃપ દ્વારા ભાતીગળ શેરી સ્પર્ધા





ગાંધીનગરની શેરીઓમાં નવરાત્રીના નવે નવ દિવસ ચેતના સેવા સંસ્થાન તથા ઝંકાર ગૃપ દ્વારા ભાતીગળ શેરી ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેકટરની બહેનોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. ચેતના સેવા સંસ્થાનના પ્રમુખ શિલ્પા દેસાઈ થતા ઝંકાર ગૃપના પ્રમુખ કુંપલ દવે હાજર રહ્યા હતા. આ ઉપરાંત જજ તરીકે પૂર્વ કોર્પોરેટર પરાગીબેન પંડયા, કિરણભાઈ તથા ચંદ્રિકાબેન હાજર રહ્યા હતા. ભાતીગળ શેરી ગરબામાં ગાંધીનગરની દસથી વધુ ટીમોએ ભાગ લીધો હતો. જેમાંથી ઉત્કૃષ્ટ ટીમને પ્રથમ, દ્વિતીય તથા તૃતીય નંબર આપી સર્ટીફીકેટ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.

## કલોલ સ્વામિનારાયણ કોલેજમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો

**સઈજ સ્થિત કોલેજમાં ૧૮ રૂમ-ઓફિસોના તાળા તોડી તસ્કરો સીસીટીવી-કેમેરાનું ડીવીઆર પણ લઈ ગયા**

ગાંધીનગર, તા.૨૧

કલોલ તાલુકાના સઈજ ખાતે આવેલી સ્વામિનારાયણ કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી ખાતે ગત રાત્રી દરમિયાન તસ્કર ટોળકીએ રીતસરનો તરખાટ મચાવી મુકયો હતો. કોલેજમાં ઘુસીને તસ્કરોએ આચાર્યની ઓફીસ સહિત આઠ ઓફિસો, ૧૦ રૂમ, તિજોરીઓ, કબાટો તથા ડ્રોવર તોડયા હતા તે ઉપરાંત કોલેજમાં લાગેલા સીસીટીવી કેમેરાનું ડીવીઆર પણ ચોરી કરીને ચોરો ભાગી ગયા હતા. ચોરોના હાથમાં કાંઈ કિંમતી ચિજવસ્તુઓ ન આવતા આખરે કાગળો ફાડી નાંખ્યા હતા. આ મામલે આચાર્યની ફરિયાદ આધારે કલોલ તાલુકા પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરુ કરી છે.

કલોલ સ્વામિનારાયણ કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજીના ઉપાચાર્ય સમીરભાઈ કનુભાઈ પટેલની ફરિયાદ લઈ કલોલ તાલુકા પોલીસે તપાસ આરંભી છે. ફરીયાદ મુજબ શનિવારે સવારે ૯ વાગ્યાના અરસામાં તેઓ કોલેજ પહોંચ્યા ત્યારે પોતાની ઓફીસ પર જતા ઓફીસનો દરવાજો ખુલ્લો હતો. અંદર તિજોરી ખુલ્લી અને સામાન વેર વિખેર પડયો હતો. ટેબલના ડ્રોવર પણ ખુલ્લા હતા. બહાર તપાસ કરતા ભોંયતળીયે આવેલી ૮ જેટલી ઓફિસોના તાળા પણ તુટેલા જોવા મળ્યા હતા. પ્રથમ માળે પાંચ રૂમોના તાળા તુટેલા હતા. ટ્રસ્ટી ભકિતનંદ સ્વામીને જાણ થતા કોલેજ પર દોડી આવ્યા હતા અને કોલેજમાં થયેલી ચોરી મામલે ફરિયાદ આપવાનો નિર્ણય લેવાયો હતો જો કે કેટલા કિંમતની મત્તાની ચોરી થઈ તે આંકડો મળ્યો નથી. અંદાજે ૧૦ હજાર જેટલી રોકડ તથા સીસીટીવીનું ડીવીઆર ચોરી થયું હોવાનું ધ્યાને આવ્યું છે. પોલીસે ગુનો નોંધી ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત તથા ડોગ સ્કવોર્ડ બોલાવી વધુ તપાસ આરંભી છે.

# 'મારી કર્મભૂમિ ગુજરાત છે અને હું હવે ગુજરાતી છું'

**ગાંધીનગરમાં ૩૫ વર્ષ પૂર્વે રોજગારી માટે યુપીથી આવેલા શ્રમિકે મજૂરીથી શરૂઆત કરી જીઆઈડીસીમાં ફર્નિચર ઉત્પાદન એકમ સ્થાપ્યું : કર્મભૂમિનું ઋણ ચુકવવા ચાલુ કરેલ સેવા પ્રવૃત્તિઓ અંતર્ગત દર રવિવારે કિડની હોસ્પિટલને ૧૫૦ ટિફિન પુરા પાડવાની સેવા ચલાવે છે**




ગાંધીનગર, તા.૨૧

'હું મારી જાતને પરપ્રાંતિય માનતો નથી. મારી જન્મભૂમિ ભલે ઉત્તરપ્રદેશ હોય પરંતુ મારી કર્મભૂમિ ગુજરાત છે અને હું મારી જાતને ગુજરાતી જ માનું છું.' ગાંધીનગરમાં ૩૫ વર્ષ પહેલા રોજગારીની શોધમાં આવી પહોંચેલા અને મજૂરી કામથી શરૂઆત કરી આજે જીઆઈડીસીમાં ફર્નિચર ઉત્પાદનનું એકમ ધરાવતા 'પરપ્રાંતિય' રાધેશ્યામ યાદવ તેમની નસેનસમાં ગુજરાત વસ્યું હોવાનો એકરાર કરે છે. આકરી મહેનતથી સફળતાના શિખર આંબવા સાથે તેમણે પ્રારંભ કરેલી સેવા પ્રવૃત્તિઓ પણ સમયાનુસાર વિકાસ પામી કર્મભૂમિનું ઋણ ચુકવી રહી છે.

ઉત્તરપ્રદેશના ફિરોઝાબાદ જિલ્લામાં ઉરાવર ગામ પાસેના નાનકડા પરા ભડોરામાં ખેડૂત દંપતિની કૂખે જન્મેલા ચાર દિકરા પૈકીના એક એવા રાધેશ્યામ યાદવ યુવાવસ્થાના પ્રારંભે જ પત્નિને વતનમાં મુકી પોતાના ભાઈ મીલ કામદાર દલવીર યાદવ પાસે રોજગારીની શોધમાં ૧૯૮૪માં ગાંધીનગર આવી પહોંચ્યા હતા. શહેરમાં સમાવિષ્ટ ગામ ફતેપુરામાં એક ખોલીમાં રહીને મકાન રંગવાનું મજૂરી કામ તેમણે શરુ કર્યું હતુ અને અંદાજે બે એક વર્ષ કોન્ટ્રાકટર પાસે આ મજૂરી કર્યા પછી જાતે કોન્ટ્રાકટ લેવાનું શરુ કરી દીધું જેના કારણે તેમને ફર્નાચિરના વેપારીઓ સાથે ઓળખાણ થવા લાગી હતી.

રાધેશ્યામ યાદવને મકાન રંગકામના કોન્ટ્રાકટ કરતા ફર્નિચરના વ્યવસાયમાં ઉજળું ભવિષ્ય દેખાયું અને તેની કામગીરી શીખવાનું ચાલુ કરી દીધું હતું. આ દરમિયાન તેમને સતત રહેઠાણ બદલવાની તકલીફ સહન કરવી પડી અને ફતેપુરાથી સે-૨૫માં પછી કોલવડા એમ વારંવાર ઘર બદલવા પડી રહ્યા હતા. કોન્ટ્રાકટના વ્યવસાયમાં આવક સેટ થઈ હોવાથી પત્નીને પણ અહીં તેડાવી લીધેલી અને તેમનો પરિવાર પણ વધવા લાગ્યો હતો. આ દરમિયાન અન્ય એક સંસ્થા સાથે સંકળાઈને તેમને સરકારી ઓફિસોના ફર્નિચર રીપેરીંગનો પાંચ વર્ષનો પેટા કોન્ટ્રાકટ પ્રાપ્ત થયો પછી ફર્નિચરના વ્યવસાયને તેમણે અપનાવી જ લીધો. વ્યવસાયમાં પ્રગતિ થતા સે-૨૬ના કિસાનનગરમાં પ્લોટ ખરીદી પોતાનું ઘર બાંધ્યું. આ સાથે તેમના પરિવારમાં બે દિકરા અને ત્રણ દિકરીઓ પણ કિલ્લોલ કરવા લાગી હતી. વર્ષ ૨૦૦૩માં તેમણે જીઆઈડીસીમાં પ્લોટ ખરીદી રાધે કોર્પોરેશન નામથી ફર્નિચરનું ઉત્પાદન એકમ શરૂ કર્યું એટલું જ નહી વ્યવસાય સેટલ થતા જ બીજા વર્ષે તેમણે શ્રી રાધેશ્યામ ખાદી ટ્રસ્ટના નામથી એક સંસ્થા શરૂ કરી જે થકી તેમણે ગાંધીનગરમાં નાની-મોટી સેવા પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો હતો.





ગાંધીનગરમાં આવ્યા ત્યારથી પંચદેવ મંદિરમાં આસ્થા જોડાયેલી હોવાથી સતત ત્યાંની ધાર્મિક પ્રવૃત્તિઓમાં જોડાયેલા રાધેશ્યામ યાદવે મિત્રો સાથે મળીને દિવ્યાંગોને મદદરૂપ થવું, ઉનાળામાં ઠંડા પાણીની પરબો ચલાવવી, વૃક્ષારોપણ, આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને સ્ટેશનરી પુરી પાડવી, જમાડવા, આરોગ્યલક્ષી કેમ્પ કરવા વગેરે જેવી સેવાકીય પ્રવૃત્તિઓ પોતાની સંસ્થાના નેજા હેઠળ 'જનસેવા સમિતિ'નું ગઠન કરી કરવા લાગ્યા હતા. આ સાથે દર વર્ષે સંસ્થાના સ્થાપના દિન ૨૫મી જાન્યુઆરીએ પંચદેવ મંદિરે તેઓએ વિષ્ણુયાગનું આયોજન કરવાનું નિયત કરી દીધું અને તેમની સાથે જોડાયેલા કથાકાર યોગી રામદાસની વાણીની મદદથી શાળાઓ તેમજ ધાર્મિક સંસ્થાઓમાં કાર્યક્રમ યોજી જીવનથી નાસીપાસ થઈને આત્મહત્યા કરવા પ્રેરાતા દુઃખીજનોને સાચી સમજ પુરી પાડી જીવનજીવવા પ્રેરિત કરી આત્મહત્યા અટકાવવાના પ્રયાસ શરુ કર્યા. પંચદેવ મંદિરના સંકુલમાં તેમણે તાજેતરમાં જ ૧૫૦ વૃક્ષોનું વાવેતર કરાવી તેની સંભાળ માટે કેરટેકરની પણ વ્યવસ્થા કરી છે. તેમની સેવાકીય પ્રવૃત્તિઓમાં પત્નિ વિમળાબેન ખભેખભા મિલાવી સહયોગ પુરો પાડતા હતા. એકવાર વર્ષ ૨૦૧૫માં પોતાના ભત્રીજાને પથરીની સારવાર માટે અમદાવાદની સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં સ્થિત કિડની હોસ્પિટલમાં લઈ ગયા ત્યાં બહારગામથી સારવાર માટે આવતા ગરીબ દર્દીઓને જોઈ ટિફિન સેવા શરૂ કરવાનો વિચાર આવ્યો અને આ માટે તેમણે કિડની હોસ્પિટલના સંચાલક ડૉ. એચ.એલ. ત્રિવેદીને મળી મંજુરી માંગી. ડૉ. એચ.એલ. ત્રિવેદીએ તેમને ફુડ પોઈઝનીંગ કે અન્ય કોઈ તકલીફ ઉભી થાય તો જવાબદારી રાધેશ્યામ યાદવની પોતાની રહેશે તેવી શરત સાથે દર રવિવારે ટિફન સેવા પુરી પાડવાની રજા આપી અને ત્યારથી આજ સુધી કિડની હોસ્પિટલમાં દર રવિવારે ગાંધીનગરથી ૧૫૦ જેટલા ટિફિન જેમાં દર્દી સાથે તેના સગા એમ બે વ્યકિતનું ભોજન પુરું પાડવામાં આવી રહ્યું છે. આ કામની દેખરેખ તેમના ધર્મપત્નિ વિમળાબેન રાખી રહ્યા છે અને જરૂર પડે તો તેઓ પોતે રોટલી વણવા બેસી જતા અચકાતા નથી. આ સાથે પંચદેવ મંદિરે દર સોમવારે સવારે જરૂરિયાતમંદો માટે ૩૫ કિલો ખિચડી અને છાશની સેવા પણ જનસેવા સમિતિ પુરી પાડી રહી છે.

સ્વાઈન ફલુનો વાવર હોય ત્યારે આયુર્વેદિક દવા અને ઉકાળાનું વિતરણ કરવું, યોગ-પ્રાણાયામની શિબિરો ચલાવવી, પ્રાચીન પધ્ધતિ મુજબ સામાજિક સાક્ષરતા ફેલાવવી, ગરીબ બાળકોને જમાડવાથી માંડીને અભ્યાસલક્ષી સામગ્રી પુરી પાડવી જેવી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ જનસેવા સમિતિ ચલાવી રહી છે. આ સમિતિમાં ૧૫૦ જેટલા સભ્યો સામેલ છે જે તેમના પ્રમુખપદ અને સતીષભાઈ ચાવડા નામના નિવૃત્ત પોલીસકર્મીના ઉપપ્રમુખપદ હેઠળ કાર્યરત છે. જો કે ટિફિન સેવાથી જાણીતી આ સમિતિએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ આ સેવા પુરી પાડવા મંજુરી માંગી છે. રાધેશ્યામ યાદવ કહે છે, 'પ્રાંતની કયાં વાત કરો છો, સૌથી પહેલા આપણું રાષ્ટ્ર આવે છે, પછી બધા રાજયો કે પ્રાંત આવે છે.'

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com